# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2026

સા વિદ્યા યા વિમુક્તયે

## તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૫

ઑક્ટોબર

ગુણાંક ૧૦૦

# પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** **૨૦**

૧. સૂરિ ને .......................... જાણી ને રાજાએ તેમને પગે પડી ને રાજકુમાર ને શોધી આપવા આજીજીપૂર્વક વિનંતી કરી.
૨. ઉપશાન્ત મોહ ગુણસ્થાન માં સૂક્ષ્મ લોભ ને સંપૂર્ણ .................. છે.
૩ રાજાઓ............................ કોઠારવાળા થાઓ.
૪. કેટલાક .................... છે તે કહે છે કે આત્મા બંધાયેલો નથી.
૫. ગર્ભજ તિર્યંચ અને દેવતાઓ ને .................... સમુદ્‌ઘાત હોય જ નહીં.
૬. પરમાર્હત તરીકે ................... ઇતિહાસ માં અપૂર્વ કિર્તિ મેળવી છે.
૭. દેવેન્દ્રો ના મુગટવડે પૂજાયેલા ચરણવાળા, પૂજ્ય ...................... ને નમસ્કાર હો.
૮. રાજહંસ ................. માં મગ્ન રહે છે તેમ જ્ઞાની જ્ઞાન માં અત્યંત મગ્ન રહે છે.
૯. ગુરુદેવે એક .................... સહાયક મુનિ સાથે આપી અનુજ્ઞા આપી.
૧૦. મોહજનિત પમાદ ....................... ને પ્રાપ્ત કરાવે છે.
૧૧. જિનશાસન માં ભુલાયેલા ......................... ના ધર્મ નો ઉદ્યોત કરશે.
૧૨. પરમાત્મા ના વચનો માં શ્રદ્ધા પણ ન હોય, અશ્રદ્ધા પણ ન હોય તે ...................... છે.
૧૩. નવમાં, દસમાં દેવલોક સુધી ...................... સંઘયણ વાળા જાય છે.
૧૪. આપણી સ્વયંની કઈ અને કેવી ક્રિયાઓ માં વીર્ય...................... થાય છે.
૧૫. ...................... કરેલી મંત્રસાધના જલદી સિદ્ધ થાય છે.
૧૬. બે અજ્ઞાન ........................ ને હોય છે.
૧૭. સૂરિ ના સંકેત થી રાજા ને તેનો ........................... મળયો.
૧૮. જે જ્ઞાન અને ક્રિયા નો સુંદર...................... કરી ને જીવન ને ધન્ય બનાવે છે.. માનવ જીવન ને સફળ બનાવે છે.
૧૯. પાંચ યોગ ....................... ના વિષે હોય છે.
૨૦. રાજા કુમારપાળે ગુરુભક્તિ થી પાટણ માં .................... નામ નું પ્રથમ જિનાલય બનાવ્યું.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જ્વાબ આપો.** **૧૫**

૧. લવસત્તમિયા કોને કહે છે ?
૨. પદાર્થ ને સમજવા માં અને સ્વીકારવા માં આપણી માન્યતા આપણું વલણ શું છે ?
૩. જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી આ જીવ કયા અંધકાર માં ભટકી રહયો છે ?
૪. સોમચંદ્ર મુનિ અને દેવેન્દ્રસૂરિ એ ગુરુદેવ પાસે કયાં જવાની આજ્ઞા માંગી ?
૫. સોળ વિદ્યાદેવિઓ થી શેની યાચના કરવા માં આવી છે ?
૬. આગમ પ્રણીત સમાચારી ના સમર્થ પરિશોધક અને પથ દર્શક કોણ હતા ?
૭. ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યકત્વ અથવા ચારિત્ર કયા ગુણસ્થાન માં નથી હોતો ?
૮. આપણે શેના દ્વારા આ સંસાર નો નાશ કરી શકિએ છીએ ?
૯. કોના આગ્રહ થી "સિદ્ધહેમ" વ્યાકરણ ની રચના કરી ?
૧૦. એકેન્દ્રિય જીવો ને શેની સંભાવના નથી ?
૧૧. ઉપશમ શ્રેણી વાળો સાધક ચાર ગુણસ્થાન થી ચ્યવી ને કયા ગુણસ્થાનકે જાય છે ?
૧૨. મર્યાદા માં રહેલા રુપી પદાર્થો ના સામાન્ય ધર્મ ને ઇન્દ્રિય મન વિના જાણવા ની જીવ ની શક્તિ શું છે ?
૧૩. મરકી નો ઉપદ્રવ કયા નગર માં ફેલાયેલો હતો ?
૧૪. જ્ઞાન ને સફળતા તરફ કોણ દોરી જાય છે ?
૧૫. ઉત્તરાસંગ ના છેડા થી ભૂમિ પ્રમાર્જના કરી વસ્ત્રાંચલ થી કોણે વંદના કરી ?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** **૧૦**

૧) અજ્ઞાણ ૨) સુએ ૩) કલત્ર ૪) પણ ૫) સહનન ૬) શુંકર ૭) પ્રિયન્તાં ૮) તિગં ૯) પ્રજ્ઞાપિ ૧૦) ચ્યવતે
૧૧) તત્રાપૂર્વ ૧૨) આયતન ૧૩) મરાલ ૧૪) દૌરમનસ્ય ૧૫) મિચ્છિતિ ૧૬) નિમજ્જતિ ૧૭) મોહોદયં ૧૮) દુરિતાનિ
૧૯) ચ ૨૦) ત્યજ્ઞ:

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) સમયજ્ઞ | ૧) પુત્રકામેષ્ટિ યજ્ઞ | ૬) કાર્મણ કાયયોગ | ૬) શુક્લધ્યાન |
| ૨) અવિરોહણ | ૨) માંગલ્ય | ૭) નવકાર મંત્ર | ૭) સ્પંદન |
| ૩) પાપ | ૩) સોમચંદ્રમુનિ | ૮) અભ્યુદય | ૮) શુષ્કજ્ઞાની |
| ૪) આખ્યાજિકા | ૪) બ્રહ્મમુહુર્ત | ૯) બોધામૃત | ૯) વાયુકાય |
| ૫) વરુણ | ૫) બ્રહ્મચારીજી | ૧૦) સ્ફૂરણ | ૧૦) લોકપાલ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) યોગ ના ઉત્તર ભેદ કેટલા છે ?
૨) ચંગદેવ ની દીક્ષા કઈ તીથિ ના થઈ ?
૩) કયા ગુણસ્થાનક થી બે શ્રેણી નો પ્રારંભ થાય છે ?
૪) કેટલા ગ્રહો ને પ્રસન્ન થાઓ એવુ કહયુ છે ?
૫) સિદ્ધ હેમ વ્યાકરણ ની નકલો કેટલા લહિઆઓ પાસે થી લખાવી ?
૬) ઉપશાંત મોહ ગુણસ્થાનકે કેટલી પ્રકૃતિ નો બંધ છે ?
૭) ગોદુહકુમાર ની દીક્ષા કયા વિ.સં. માં થઈ ?
૮) જ્ઞાન અજ્ઞાન દેવો ના કેટલા દંડક માં છે ?
૯) કલિકાલ સર્વજ્ઞે માતા સાધ્વીજી ની પાવન સ્મૃતિ માં કેટલા નવકાર મંત્રે ના જાપ નો સંકલ્પ કર્યો ?
૧૦) પરમાત્મા એ મોક્ષ ના માર્ગ કેટલા બતાવ્યા છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે કે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) કિલિકા સંઘયણ વાળા સાધક છઠવા, સાતમા દેવલોક સુધી જાય છે .
૨) સદ્ગુરુ જીવ ને ચેતવે છે કે ક્રિયાજડ થઈશ નહીં.
૩) ગર્ભજ તિર્યંચ અને દેવતાઓ ને ઔદારિક લબ્ધિ જ ન હોય.
૪) મહારાજ ! તમે બન્ને માલવ દેશ માં જાઓ ત્યાં ઘણા માંત્રિકો અને તાંત્રિકો છે.
૫) દેવેન્દ્રોના મુગટવડે પૂજાયેલા ચરણવાળા, પૂજ્ય શાંતિનાથ ભગવાન ને નમસ્કાર હો.
૬) જૈન શાસન ને શિથિલાચારની નાગચૂડમાંથી બચાવવા તેઓ મથી રહયા હતા.
૭) ઉપશાન્તાદિક ચાર ગુણસ્થાન થી ચ્યવીને મિશ્ર ગુણસ્થાને જાય છે.
૮) માર્ગ નો જાણકાર પણ ચરણ ક્રિયા વિના ઇચ્છેલ નગર પામતો નથી.
૯) આ સાધુ પુરુષ તેમને કોઈ મહાન મંત્ર સિદ્ધ પુરુષ લાગ્યો.
૧૦) જો શાસ્ત્રો માં કહયા પ્રમાણે આચરણ કરીએ તો લાભ થાય કે ગેરલાભ થાય ?

**પ્રશ્ન-૭ નીચેના વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) જેને એક ભવ માં બે વખત ઉપશમ શ્રેણી કરી હોય તે જીવ ક્ષપકશ્રેણી નથી કરતો.
૨) પરના સંગ થી બંધ થાય છે, પરભાવ ના ત્યાગ થી મોક્ષ થાય છે.
૩) પરમાત્મા ના વચનો માં સંપૂર્ણ શ્રદ્ધા હોય તે સમ્યગ્ દૃષ્ટિ છે.
૪) જો આપશ્રી આજ્ઞા આપો તો આગમાનુસાર સાધુ જીવન જીવી ને તેનો જ સર્વત્ર પ્રચાર કરું ?
૫) બીજા માર્ગ માં કર્મ દબાવવા ને બદલે જીવ કર્મ ક્ષય કરતો જાય છે.
૬) જેમણે અઢાર દેશ માં અમારિ-પડહ ની ઉદ્ઘોષણા કરાવી.
૭) તમને સદા તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ, ઋદ્ધિ મળો, વૃદ્ધિ મળો.
૮) ઝેર ને ઝેર જાણ્યા પછી એનો ત્યાગ કરવા માં જ જ્ઞાન ની સફલતા છે.
૯) પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણવાળા મોક્ષ સુધી જાય છે.
૧૦) બહુ જ વિરલ વિભુતિઓ એવી છે જે જ્ઞાન અને ક્રિયા નો સુંદર સમન્વય કરી ને જીવનને ધન્યબનાવે છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) "અચલગચ્છ" સંબોધન જેવી રીતે મળયો ? ૨) જ્ઞાન અને અજ્ઞાન દ્વાર સમજાવો.
૩) મોક્ષ નો માર્ગ જ્ઞાન અને ક્રિયા દ્વારા પ્રાપ્ત થાય છે. ૪) ઉપશાંત મોહનીય ચ્યવન સમજાવો.
૫) હેમચંદ્રાચાર્યજી નું સાહિત્ય સર્જન, નવકાર આરાધના અને યોગવિદ્યા સમજાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
www.shatrunjayacademy.com